PSE કન્સલ્ટન્ટ, ડિસ્ટ્રીક્ટ PSE ઈન્સ્ટ્રક્ટર અને બ્લોક PSE ઈન્સ્ટ્રક્ટરની જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0020/B1

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૮૦/બ-૧, તા.૧૬/૦૪/૨૦૨૧
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૮૦/બ-૧, તા.૧૭/૦૩/૨૦૨૨
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0020/B1,તા.૩૦/૦૫/૨૦૨૩

**આમુખ**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી "પા પા પગલી" પ્રોજેક્ટ હેઠળ આંગણવાડી કાર્યકરને પૂર્વ પ્રાથમિક શિક્ષણના અમલીકરણ માટે શૈક્ષણિક માર્ગદર્શન આપવા PSE કન્સલ્ટન્ટ, ડિસ્ટ્રીક્ટ PSE ઈન્સ્ટ્રક્ટર અને બ્લોક PSE ઈન્સ્ટ્રક્ટરની જગ્યાઓની સેવાઓ ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૨૧-૨૨ની નવી બાબત મંજૂર થયેલ હતી. વંચાણે લીધા (૨) અને (૩) પરના ઠરાવથી ઉક્ત કન્સલ્ટન્ટ/ઈન્સ્ટ્રક્ટરની જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ સુધી લંબાવવામાં આવેલ હતી. ઉક્ત કન્સલ્ટન્ટ/ઈન્સ્ટ્રક્ટરની જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ જાન્યુઆરી-૨૦૨૪માં પૂર્ણ થયેલ હોવાથી વધુ ૧૧-માસ માટે લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

**//ઠરાવ//**

"પા પા પગલી" પ્રોજેક્ટ હેઠળ આંગણવાડી કાર્યકરને પૂર્વ પ્રાથમિક શિક્ષણના અમલીકરણ માટે શૈક્ષણિક માર્ગદર્શન આપવા PSE કન્સલ્ટન્ટ, ડિસ્ટ્રીક્ટ PSE ઈન્સ્ટ્રક્ટર અને બ્લોક PSE ઈન્સ્ટ્રક્ટરની નીચે મુજબની ૪૬૬ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ મુદત પુર્ણ થયેથી માન્ય એજન્સી મારફત વધુ ૧૧ માસ માટે મેળવવા મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક ફિક્સ વેતન |
|---|---|---|---|
| ૧ | PSE કન્સલ્ટન્ટ | ૦૧ | ૩૫,૦૦૦/- |
| ૨ | ડિસ્ટ્રીક્ટ PSE ઈન્સ્ટ્રક્ટર | ૩૯ | ૨૪,૦૦૦/- |
| ૩ | બ્લોક PSE ઈન્સ્ટ્રક્ટર | ૪૨૬ | ૧૬,૦૦૦/- |
| કુલ | | ૪૬૬ | |

૧૧-માસ બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો એક માસ અગાઉથી આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૫/૦૩/૨૦૨૪ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ...................
4. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.......................
5. નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
6. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી
7. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
8. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
9. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
10. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ.
11. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2024.03.16
12:52:19 +05:30

File No: WCDD/DRA/e-file/23/2022/0020/B1 Branch
Approved By: Secretary,WCDD
Open the document in Adobe Acrobat DC to verify the E-sign